


Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૦૨ ૧૧ જાન્યુઆરી, ૨૦૧૩, શુક્રવાર; માગશર વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ફાયનાન્સિયલ વર્લ્ડમાં ગુજરાતનો પ્રવેશ



(તસવીર : દિપક જાની)

## આપણે સર્વિસ સેક્ટરની ઉંચાઇને પહોંચી રહ્યા છીએ : ગિફ્ટ વનની ૨૭ માળની ઇમારત માત્ર ૧૪ મહિનામાં બની છે : મુખ્યમંત્રી મોદી

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર,તા.૧૦

ગુજરાતે ફાયનાન્સિયલ વર્લ્ડમાં જગ્યા બનાવવાનું શરૂ કરી દીધું હોવાનો નિર્દેશ આપી મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે રાજ્યના યુવાનોમાં રહેલી ટેલેન્ટ જોતાં મને એવી આશા છે કે ભારતમાં સૌથી મોટો બદલાવ આવશે. દુનિયા બદલાઇ રહી છે સાથે સાથે વિવિધ ક્ષેત્રના ફોકસ એરિયાના કારણે ભારતના શહેરો પણ બદલાઇ રહ્યાં છે, જેનું પ્રથમ ચરણ ગુજરાતમાં આકાર પામ્યું છે.


મુખ્યમંત્રીએ કહ્યું હતું કે ભારતમાં હવે જ્યારે નવા સિટીનું નિર્માણ થશે ત્યારે ગાંધીનગરના આંગણે ઉભું થઇ રહેલું ગુજરાત ઈન્ટરનેશનલ ફાયનાન્સ ટેક (ગિફ્ટ) સિટી એક રેફરન્સ બનશે. માત્ર ૧૪ મહિનામાં ઉભી થયેલી ૨૭ માળની ઈમારત એ માત્ર બિલ્ડીંગ નથી પણ ઈન્ટરનેશનલ ફાયનાન્સિયલ સર્વિસનું હબ છે.


સાબરમતીના કિનારે આજે ગુરૂવારે ગિફ્ટ સિટીના પહેલા ટાવરનું ઉદ્દઘાટન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું જેનું નામ ગિફ્ટ વન રાખવામાં આવ્યું છે. તેની બાજુમાં બીજુ ટાવર બની રહ્યું છે તેનું બાંધકામ પણ આવનારા ત્રણ-ચાર મહિનામાં પૂર્ણ થયા બાદ ફાયનાન્સને લગતી વિવિધ ઈન્ટરનેશનલ સર્વિસનો પ્રારંભ કરી દેવામાં આવશે.

ગિફ્ટ સિટમાં વિવિધ ટાવરોનું

### ગિફ્ટ સિટમાં ૬ લાખ લોકોને સીધી નોકરી
### હવે ૮૦ માળનો ડાયમન્ડ ટાવર બનશે

- ગિફ્ટ સિટીમાં ઉભા થયેલા બે બિલ્ડીંગને ગિફ્ટ વન અને ગિફ્ટ ટુ એવા નામ આપવામાં આવ્યા છે.
- અહીં ઈન્ટરનેશનલ એક્ઝિબિશન સેન્ટર બની રહ્યું છે.
- હોસ્પિટલ, સ્કૂલ્સ, ટ્રેઈનિંગ સેન્ટર, હોટલ્સ અને ગોલ્ફ કોર્સ જેવી સુવિધાઓ ઉભી થશે.



(તસવીર : દિપક જાની)

- ગિફ્ટ સિટીમાં મલ્ટી સર્વિસ, ફાયનાન્સ સેન્ટર, ટ્રેડ સેન્ટર, હાઉસિંગ અને સોશ્યલ ફેસેલિટી ઉભી કરાશે.
- જમીનનો ૩૪ ટકા ઉપયોગ ગ્રીન અને ઓપન સ્પેસ છે. માત્ર ૨૮ ટકામાં કોમર્શિયલ ઉપયોગ છે.
- કુલ બિલ્ટઅપ એરિયા ૬૨ મિલિયન સ્ક્વેર ફીટ થાય છે.
- ૮૦ માળનો ડાયમન્ડ ટાવર બનશે જેની ઉંચાઇ ૪૦૦ મીટરની હશે.
- ૩૬૨ મીટરની ઉંચાઈના ગેટ વે ટાવરનું નિર્માણ થઈ રહ્યું છે.ક્રિસ્ટલ ટાવરનું બ્યુટીફુલ બિલ્ડીંગ બની રહ્યું છે.
- સાબરમતી નદીના કિનારે રિવર ફ્રન્ટ આકાર લઈ રહ્યો છે. મેટ્રો રેલને ગિફ્ટ સિટી સુધી લંબાવવામાં આવી છે, જે એરપોર્ટ, ગાંધીનગર અને અમદાવાદને જોડશે.
- ગિફ્ટ સિટીમાં ૭૪૦ મેગાવોટ વીજળીની જરૂર પડશે. વીજળીકરણ અંડરગ્રાઉન્ટ કરવામાં આવશે.
- સિટીમાં બની રહેલી તમામ ઈમારતો ફુલ્લી એરકન્ડિશન્ડ રહેશે.
- આ સિટીને સિક્ટોરિટી સાથે ફુલ સ્પીડ સંપૂર્ણ વાઈ-ફાઈ કનેક્ટિવીટી અપાશે.

# વાયબ્રન્ટ સમીટ-૨૦૧૩ @ ગાંધીનગર

## મહાત્મા મંદિર વાઈ-ફાઈ એનેબલ્ડ વિસ્તાર બની રોકાણકારોને આકર્ષશે : બીટુબી અને બીટુજી તેમજ ૧૮ સેમિનારો બે દિવસમાં યોજાશે, સી.એમ. લોન્જ ગુજરાતના વિકાસની અનોખી અનૂભુતિ થાય તે રીતે સજાવાઈ

ગાંધીનગર, તા.૧૦

પરિવર્તનશીલ અર્થતંત્રના વૈશ્વિક પ્રવાહોમાં ગુજરાતની નિર્ણાયક ભાગીદારી, ક્ષમતા અને સામર્થ્યની સંભાવનાઓની અનુભૂતિ કરાવતી વાયબ્રન્ટ ગ્લોબલ સમીટ ૨૦૧૩નો આજથી મહાત્મા મંદિર ખાતે આરંભ થઈ રહ્યો છે.

રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ ગ્લોબલ સમીટને સવારે ૧૦ વાગે ખુલ્લી મુકશે. આ સમીટ માત્ર ઈન્વેસ્ટર્સ સમીટ જ નહિ પણ ગ્લોબલ બિઝનેશ હબનું આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ પણ પુરું પાડશે.

આ સમીટમાં નોલેજ શેરીંગ સહિત બીટુબી, બીટુજી અને એકસોથી પણ વધુ સેમિનારોનું આયોજન કરાયું છે.

આ સમીટમાં ૩૭૮ ડોમેસ્ટીક અને ૬૬ ઈન્ટરનેશનલ સ્પીકરો દ્વારા પ્રવચનો અપાશે.

મહાત્મા મંદિરને વાઈફાઈ એનેબલ્ડ સ્થળ તરીકે વિકસાવવામાં આવ્યું છે. આ ઉપરાંત ઈન્વેસ્ટર ફેસીલીટેશન પોર્ટલ જે લોન્ચ કરવામાં આવ્યું હતું તેના થકી રોકાણકારોને એકબારી પધ્ધતિની સુવિધા ઉપલબ્ધ બનશે. મળતી વિગતો પ્રમાણે ૪૪૦૦થી વધુ બીટુબી અને ૬૦૦થી વધુ બીટુજી યોજાશે. બે દિવસની આ સમીટ દરમિયાન ૧૮થી વધુ સેમિનારોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમીટના જાપાન અને કેનેડા કન્ટ્રી પાર્ટનર ઉપરાંત સંખ્યાબંધ ઈવેન્ટસ પાર્ટનરો થકી આ સમીટ એક નવા જ આયામો સર કરશે એમાં કોઈ બેમત નથી. આ સમીટમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, ચીન, ડેનમાર્ક, ઓસ્ટ્રેલિયા, આફ્રિકન કન્ટ્રીના પ્રતિનિધિઓ પણ મોટી સંખ્યામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




# વાઈબ્રન્ટ સમિટને લઈ પોઈન્ટની બસો 'જ' માર્ગ પર ડાયવર્ટ કરાશે

## મહાનુભાવોની અવર જવર માટે 'ચ' માર્ગ પર વાહનવ્યવહાર સરળ બનાવવા કવાયત

ગાંધીનગર, તા.૧૦

વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટને અનુલક્ષી શહેરમાં વિદેશી ડેલીગેટસ સહિત વી.આઈ.પી. મહાનુભાવોની અવર જવર વધી છે. જયારે આજથી શરૂ થનારી સમિટને ધ્યાને લઈ એસ.ટી. તંત્ર દ્વારા કર્મચારીઓની પોઈન્ટ બસ સેવાને 'જ' માર્ગ પર ડાયવર્ટ કરવાનો નિર્ણય લેવાયો છે.

વાઈબ્રન્ટ ગુજરાત અન્વયે હેલીપેડ મેદાન ખાતે યોજાયેલા ટ્રેડ ફેરના લીધે દિન પ્રતિદિન મુલાકાતીઓનો ધસારો વધતો જાય છે. જેના લીધે શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક જામના દશ્યો જોવા મળે છે. નિયત પાર્કીંગ પ્લોટ ઉભા કરાયા હોવા છતાં પ્રદર્શન સ્થળ આસપાસના કોમર્શિયલ સહિત રહેણાંક વિસ્તારો પણ પાર્કીંગ પ્લોટમાં ફેરવાયા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું છે. શહેરમાં ટ્રાફિક સિનારીયો બદલાતા મુખ્ય માર્ગો પર સતત ટ્રાફિકનો ધમધમાટ જોવા મળે છે. જયારે શુક્રવારથી મહાત્મા મંદિર ખાતે ગ્લોબલ સમિટનું આયોજન પણ કરવામાં આવે છે. આવા સંજોગોમાં નગરના મુખ્ય 'ચ' માર્ગ ઉપર મહાનુભાવોની અવર જવરને ધ્યાને લઈ વાહન વ્યવહાર સરળ બને તે મુજબ આયોજન કરવામાં આવ્યું છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ એસ.ટી.ની પોઈન્ટ બસનો પણ રૂટ બદલવાનો નિર્ણય લેવાયો છે. કર્મચારીઓની ૮૫ જેટલી પોઈન્ટ બસને શુક્રવારથી 'જ' માર્ગ ઉપર ડાયવર્ટ કરાશે. ઈન્દ્રોડા પાસેથી પોઈન્ટ બસને 'જ' માર્ગના રૂટ તરફથી દોડાવવા નિર્ણય લેવાયો છે.

**શિક્ષકો જોઈએ છે**

શેઠ મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ, પેથાપુર, તા.જી. ગાંધીનગર સંચાલિત શેઠ મનસુખભાઈ ભગુભાઈ ઉચ્ચત્તર માધ્યમિક શાળા (નોન ગ્રાન્ટેડ) લઘુમતિ સંસ્થા માટે નીચેની લાયકાત ધરાવતા ઉમેદવારોએ સંપર્ક કરવો.

(૧) એમ.કોમ. બી.એડ. / એકાઉન્ડ સ્ટેટ.
(૨) એમ.એ.બી.એડ. / અંગ્રેજી / સંસ્કૃત

સંપર્ક કરો : મો. : ૯૬૨૪૯૧૯૭૬૦

# ગ્લોબલ ટ્રેડ શોની ૧૧ લાખ લોકોએ મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં વાયબ્રન્ટ સમીટ ૨૦૧૩ના આયોજનના ભાગરૂપે યોજાયેલ મેગા એકઝીબીશનમાં છેલ્લા ત્રણ દિવસ દરમિયાન ૧૧ લાખ લોકોએ મુલાકાત લઈ આ પ્રદર્શનને નિહાળ્યું છે.

એક લાખ ચો.મી. જગ્યામાં ઉભા કરાયેલા આ ગ્લોબલ ટ્રેડ શોમાં ૨૨ પેવેલીયન અને ૧૦૦૦થી વધુ સ્ટોલ્સ ઉભા કરવામાં આવ્યા છે.



૮મી જાન્યુઆરીએ આ ગ્લોબલ ટ્રેડ શો ને રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લો મુકયો હતો. આ ટ્રેડ શોમાં અનેકવિધ આકર્ષણો છે જેમાં હીરા-ઝવેરાત જડિત કાર, સોલાર પ્લેનનું મોડલ તેમજ જુદા જુદા પેવેલીયન છે.

